પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૧૭, ગુરૂવાર ; વૈશાખ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કેદારનાથમાં મોદીએ કર્યો રૂદ્રાભિષેક



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે રૂદ્રપ્રયાગ જિલ્લાના કેદારનાથ મંદિરમાં પૂજા-અર્ચના માટે પહોંચ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર સાથે બાબા કેદારનાથનો રૂદ્રાભિષેક પણ કર્યો હતો.

### અમેરિકાની સબમરીન ડુબાડવાની નોર્થ કોરિયાની ધમકી

નોર્થ કોરિયાએ અમેરિકાને ધમકી આપતા ફરીવાર કહ્યુ છે કે કોઈ પણ ઉશ્કેરણીજનક પગલુ ઉઠાવાશે તો સાઉથ કોરીયન દ્વિપ પર તૈનાત સબમરીન યુએસએસ મીશીગનને તેઓ ડુબાડી દેશે.

### વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિનું ૧૪૬ વર્ષે નિધન



ઈન્ડોનેશિયા સ્થિત વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ સોડિમેડેઝોનનું ૧૪૬ વર્ષે નિધન થયુ છે. ૧૮૭૦માં જન્મેલા સોડિમેડઝોએ પોતાના ગામ સેન્ટ્રલ જાવામાં છેલ્લા શ્વાસ લીધા હતા.

# સરહદ પાસે ત્રાસવાદી કેમ્પ સક્રિય

**જમ્મુ કાશ્મીરમાં આશરે ૧૬૦ ત્રાસવાદીઓ હજુ સક્રિય : ભીષણ હુમલાનો ખતરો : સર્જિકલ હુમલા વેળા ફુંકી મારવામાં આવેલા કેમ્પ અને લોંચપેડ ફરીથી શરૂ થયા : છેલ્લા ચાર મહિનામાં ઘુસણખોરીના ૬૦થી વધુ પ્રયાસો કરાયા છે**



નવી દિલ્હી,તા. ૩

સપ્ટેમ્બર ૨૦૧૬માં ઉરીમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા સર્જિકલ હુમલામાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સાથે સાથે તેમના લોંચ પેડ ફુંકી મારવામાં આવ્યા હતા. પરંતુ નવેસરની માહિતી મુજબ એલઓસીની પાસે હવે ફરી મોટી સંખ્યામાં ત્રાસવાદી કેમ્પ શરૂ કરવામાં આવી ચુક્યા છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પોક)માં કેટલાક ત્રાસવાદી કેમ્પ ચાલી રહ્યા છે. ત્રાસવાદીઓ દ્વારા આ ક્ષેત્રમાં કેમ્પ શરૂ કરી દીધા છે. આ વિસ્તારમાં માત્ર ટ્રેનિંગ કેમ્પ જ શરૂ કરવામાં આવ્યા નથી. બલ્કે ભારતમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓએ ઘુસાડી દેવા માટે કેટલાક લોંચ પેડ પણ બનાવી લીધા છે. અંદાજ મુજબ પોકમાં હાલમાં આશરે ૫૫ ત્રાસવાદી કેમ્પ ચાલી રહ્યા છે. આ કેમ્પમાં ત્રાસવાદીઓએ ટ્રેનિંગ આપવામાં આવે છે. તેમને ભારત વિરોધી ગતિવિધી માટે તૈયાર કરવામાં આવે છે. પાકિસ્તાનના અલગ અલગ ત્રાસવાદી સંગઠન અહીં પોતાના કેમ્પ ચલાવી રહ્યા છે. ભારત દ્વારા કરવામાં આવેલા સર્જિકલ હુમલા બાદ ૫૫ ત્રાસવાદી કેમ્પ પૈકી આશરે ૩૫ તેમની જગ્યા બદલી ચુક્યા છે. આ તમામ કેમ્પ એલઓસીથી થોડાક અંતરે સ્થાપિત કરવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ હવે આ કેમ્પ પહેલાની જગ્યાએ જ સક્રિય પણ થઈ ગયા છે. આ ૩૫ કેમ્પ ઉપરાંત બીજા ૨૦ નવા ત્રાસવાદી કેમ્પ પણ શરૂ થઈ ગયા છે. સુત્રોએ વિગત આપતા કહ્યુ છે કે વર્ષ ૨૦૧૭ની શરૂઆતમાં ચાર મહિનામાં ત્રાસવાદીઓ તરફથી આશરે ૬૦ વખત ઘુસણખોરી કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. આમાંથી આશરે

● અનુસંધાન પાન-૭ પર

# પાકના જવાબદાર સૈનિકો-કમાન્ડર સામે પગલાની માંગ

**પાક હાઇ કમિશનર સમક્ષ ભારતનો ઉગ્ર વિરોધ નોંધાવાયો : અબ્દુલ બાસિતને બોલાવીને વિદેશ સચિવ જયશંકર દ્વારા ભારતની નારાજગીથી વાકેફ કરાયા : પાકનો ફરી ઇન્કાર**

નવીદિલ્હી, તા. ૩

અંકુશરેખા નજીક બે ભારતીય સૈનિકોના મૃતદેહને ક્ષતવિક્ષત કરી દેવાના મામલામાં ભારત ભારે લાલઘૂમ થયેલું છે. ભારતે આજે આ મામલાને અતિગંભીરતા સાથે લઈને પાકિસ્તાન હાઈકમિશનર અબ્દુલ બાસિતને બોલાવ્યા હતા અને ભારતીય જવાનોના મૃતદેહ સાથે અમાનવીય કૃત્ય કરવા માટે જવાબદાર પાકિસ્તાની સૈનિકો સામે કઠોર પગલા લેવાની સ્પષ્ટ માંગણી કરી હતી. પત્રકાર પરિષદને સંબોધતા વિદેશમંત્રાલયના પ્રવક્તા ગોપાલ બાગલેએ કહ્યું હતું કે,વિદેશ સચિવ એસ જયશંકર અને પાકિસ્તાની હાઈકમિશનર અબ્દુલ બાસિત વચ્ચે નિખાલસ ચર્ચા થઈ છે. ભારતે પોતાની નારાજગી બાસિત સમક્ષ રજૂ કરી હતી. ભારતના બે ભારતીય જવાનોના મૃતદેહ સાથે અમાનવીય કૃત્યને લઈને જે નારાજગી લોકોમાં દેખાઈ રહી છે તે અંગે પણ બાસિતને માહિતી આપવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# 'આપ'ની કટોકટી ઉકેલાઈ : અમાનતુલ્લાની હકાલપટ્ટી

**વિશ્વાસની માંગ ઉપર અમાનતુલ્લાહની હકાલપટ્ટી : આંતરિક ખેંચતાણ વચ્ચે પીએસીની બેઠકમાં મહત્વપૂર્ણ ચર્ચા થઇ : કુમાર વિશ્વાસને રાજસ્થાનના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવાનો પણ નિર્ણય લેવાયો**

નવી દિલ્હી,તા. ૩

આમ આદમી પાર્ટીમાં ચાલી રહેલી કટોકટી વચ્ચે આજે અતિમહત્વપૂર્ણ પીએસીની બેઠક યોજવામાં આવી હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં પાર્ટીના વરિષ્ઠ નેતા કુમાર વિશ્વાસ વિજેતા તરીકે ઉભર્યા હતા. અંતે ભાજપના એજન્ટ તરીકે કુમાર વિશ્વાસને ગણાવનાર ધારાસભ્ય અમાનતુલ્લાહને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. એએપીમાં કટોકટી મંગળવારના દિવસે વધુ ગંભીર બની ગઈ હતી. તે વખતે કુમાર વિશ્વાસે તેમની સામે કાવતરા ઘડવાનો સિનિયર નેતાઓ ઉપર આક્ષેપ કર્યો હતો. આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલી રહ્યો હતો. પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણી, ત્યારબાદ દિલ્હીમાં રાજૌરી ગાર્ડનની ચૂંટણી અને છેલ્લે દિલ્હીમાં એમસીડીની ચૂંટણીમાં એએપીની કારમી હાર થયા બાદ એએપીની અંદર ભારે હતાશાનો માહોલ હતો. એએપીના સભ્યોમાં નિરાશા પ્રવર્તી રહી હતી. આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલી રહ્યો હતો. આજે આશરે ત્રણ કલાક સુધી પાર્ટીની રાજકીય મામલાની સમિતિની બેઠક (પીએસી)ની બેઠક યોજાઈ હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા થઇ હતી. બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા, કુમાર વિશ્વાસે મિડિયા સમક્ષ ઉપસ્થિત થઈને માહિતી આપી હતી. કુમારે સમર્થન આપવા માટે કાર્યકરો અને હોદ્દેદારોનો આભાર

● અનુસંધાન પાન-૭ પર

A1 CLASSES
YOUR EDUCATION...YOUR WAY...
GROUP / PERSONAL TUTIONS
CBSE/ GSEB (English Medium)
9-10th (MATHS/SCIENCE) 11-12 (BIO/MATHS) 11-12th (COMMERCE)
YOUNG FACULTIES WITH EXP. STARTS FORM 11th May-2017
Address : ANAMIKA ACADEMY
Sector 22-, Lalbhuvan Complex, Near Gh-6 Circle, Gandhinagar
8460666759 (Biology) 9722310302 (Maths) 9033398838 (Commerce)

અભિનંદન



સુરેશભાઈ ડી. પટેલ

ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના મહામંત્રી પદે નિયુક્ત થવા બદલ આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ... આપ આપના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી અમારા સર્વે તરફથી શુભેચ્છા...

પ્રદિપસિંહ પી. બિહોલા
મુકેશભાઈ કે. પટેલ
મહેન્દ્રભાઈ પી. પટેલ
નીરંજનાબેન ડી. ચૌહાણ
તથા
સરસ્વતી વિદ્યાલય સમગ્ર સ્ટાફ પરિવાર
પ્લોટ નં. ૬૯૭, સેક્ટર-૬/બી, ગાંધીનગર. ફોન : ૨૩૨૩૨૧૮૯ ● મો. ૯૪૨૬૧૭૭૧૨૨ (સુરેશભાઈ પટેલ)

K.G. to 12th Science
SSV CAMPUS
Sector-3, ગાંધીનગર
a new hope
ગુજરાતી માધ્યમ - English Medium
કાર્યાલય સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ ● ફોન નં. ૭૬૨૨૦૧૧૧૦૧
સરકારશ્રીના નિયમ અનુસાર
● નર્સરી, જુનિયર કે.જી., સિનિયર કે.જી. ફી - ૧૫,૦૦૦/- (વાર્ષિક)
● ધોરણ - ૧ થી ૮ ફી - ૧૫,૦૦૦/- (વાર્ષિક)
● ધોરણ - ૯, ૧૦ ફી - ૨૫,૦૦૦/- (વાર્ષિક)
● ધોરણ - ૧૧, ૧૨ ફી - ૨૭,૦૦૦/- (વાર્ષિક)







SSV CAMPUS છે... શ્રેષ્ઠ સ્કૂલ... કારણ કે...
(૧) આદર્શ વર્ગ વ્યવસ્થા
(૨) અનુભવી, નિષ્ણાંત, કર્તવ્યનિષ્ઠ શિક્ષકગણ
(૩) રમત-ગમત, કલા, કૌશલ્યના વિકાસ માટે શ્રેષ્ઠ વાતાવરણ
(૪) JEE/NEET માટે ફાઉન્ડેશન, પ્રિપરેશ અને ટ્રેનીંગ





સંજય પટેલ [Mathematics] | દીપક સર [Biology] | રાજગોર સર [Chemistry] | વકાસ સર [Physics] | જાની સર [Maths] | જગત સર [Maths & Sci] | એમ.કે.સર [English] | પી.કે.સર [S.S]

Communicate with us....
Phone : 079 232 63 232 / 99257 54898
Email : ssv.campus@gmail.com
Address : Sector-3/b, Gandhinagar
Website : www.ssvcampus.in
Whats app : 76 22 01 11 01, 9824 47 1564
www.facebook.com/SSV Campus

શું આપે નવું ઘર ખરીદેલ છે ?
શું આપને ત્યાં દીકરીનો શુભ પ્રસંગ છે ?
તો આજે જ પધારો ગાંધીનગર શહેરના વિશાળ ફર્નિચર પ્રદર્શનમાં






Hasmukh
Makes Attractive & Durable
કોઇપણ ફર્નિચર* 0% વ્યાજે- સરળ હપ્તે*
ફર્નિચર મેળો
જૂનું ફર્નિચર આપો એક્સચેંજ ઓફર* નવું ફર્નિચર લઇ જાઓ*
તા. 5 મે થી 15 મે 2017 સમય : સાંજે 4-00 થી 11-00 સુધી
ગોલ્ડન આર્કેડ, ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૫, ગાંધીનગર




*0% વ્યાજે-સરળ હપ્તે ફાયનાન્સ કંપની દ્વારા નિયમોને આધિન પ્રોસેસીંગ ચાર્જ લાગુ
એક્સચેંજ ઓફર રૂ. 20,000 કે તેથી વધુ રકમના ફર્નિચર (બેડરૂમ પેકેજ, સોફાસેટ, ડાયનીંગ ટેબલ, ટીવી યુનિટ)ની સિલેક્ટેડ રેન્જ ઉપર જ લાગુ. મર્યાદિત સમય માટે.

રાજકમલ સ્ટીલ ફર્નિચર
ગોલ્ડન આર્કેડ, ગવર્નમેન્ટ પોલીટેકનીક કૉલેજ સામે, ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૫ ગાંધીનગર M. 98252 84155/94085 45447

અમારા માનવંતા ગ્રાહકો તથા તેમના પરિવારજનોને પ્રોત્સાહિત કરવાના હેતુથી આયોજીત

બહેનો માટે રસોઈ સ્પર્ધા
(૧૮ વર્ષથી ૪૦ વર્ષના બહેનો માટે જ)
૭મે ૨૦૧૭, રવિવાર
સમય : બપોરે ૪ થી ૬
A. સ્વીટ ડીસ D. ફરસાણ ડીસ
B. બેક ડીસ E. સલાડ ડીસ
C. સ્નેક્સ ડીસ F. ફ્રુટ ડીસ

ફ્રી સ્ટાઈલ
ફેશન શો
A. બાળકો માટે
B. મેરીડ/એંગેજડ કપલ માટે
૭મે ૨૦૧૭, રવિવાર
સમય : બપોરે ૪ થી ૬

સાંસ્કૃતિક કાર્યક્રમ
(૫ થી ૧૨ વર્ષના બાળકો માટે)
તા. ૫ અને ૬, મે (શુક્ર, શનિ)
તા. ૧૨ અને ૧૩, મે (શુક્ર, શનિ)
A નૃત્ય (ડાન્સીંગ) પર્ફોમન્સ (ગૃપ ડાન્સને પ્રથમ પસંદગી)
B. ગાયન (સીંગીંગ) પર્ફોમન્સ
C. વક્તૃત્વ પર્ફોમન્સ

તા. ૮મે-૨૦૧૭ થી ૧૧મે-૨૦૧૭ સોમથી ગુરૂવાર ● સમય સાંજે ૪ થી ૭
A. ચિત્ર સ્પર્ધા B. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા C. ડ્રીમ હાઉસ ફર્નિચર સ્પર્ધા
કાર્યક્રમમાં ભાગ લેવા માટે M. 99250 26789 ઉપર SMSથી એડવાન્સ રજીસ્ટ્રેશન કરાવો